વારંવાર બ્રેકડાઉન અને સ્પેરપાર્ટ્સની અછતથી કર્મચારીઓ-નાગરિકો પરેશાન

ખંડેરાવ માર્કેટની ૨૫ વર્ષ જૂની લિફ્ટ બદલાશે, નવી લિફ્ટ માટે ૧૯.૧૦ લાખની દરખાસ્ત

10 વ્યક્તિની ક્ષમતાવાળી આધુનિક લિફ્ટ સ્થાપિત કરાશે, ઓરબીસ એલિવેટર કંપનીનું ટેન્ડર સૌથી ઓછા ભાવે મંજૂરી માટે પસંદ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ખંડેરાવ માર્કેટ સ્થિત વડી કચેરીમાં ડેપ્યુટી કમિશનરની ઓફિસ સામે આવેલી 25 વર્ષથી વધુ જૂની લિફ્ટને આખરે બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વારંવાર સર્જાતા બ્રેકડાઉન, સ્પેરપાર્ટ્સની અછત અને સતત વધી રહેલા સમારકામના ખર્ચને ધ્યાનમાં રાખીને અંદાજે રૂ. 19.10 લાખના ખર્ચે નવી આધુનિક લિફ્ટ સ્થાપિત કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવી છે.

હાલની લિફ્ટ વર્ષો જૂની હોવાથી તેમાં વારંવાર યાંત્રિક ખામીઓ સર્જાતી હતી. અનેક વખત કર્મચારીઓ અને મુલાકાતીઓ લિફ્ટમાં ફસાઈ જતા ફાયર બ્રિગેડની મદદથી રેસ્ક્યૂ કરવાની નોબત આવી હતી. જૂની ટેકનોલોજી હોવાને કારણે તેના સ્પેરપાર્ટ્સ પણ સરળતાથી ઉપલબ્ધ થતા ન હોવાથી લિફ્ટ લાંબા સમય સુધી બંધ રહેતી હતી. પરિણામે વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો તેમજ ઉપરના માળે કામગીરી માટે આવતા અરજદારોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો.

નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખી 10 વ્યક્તિની ક્ષમતાવાળી નવી લિફ્ટ માટે પાલિકા દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં ત્રણ કંપનીઓએ ભાગ લીધો હતો. તેમાં ઓરબીસ એલિવેટર કંપની લિમિટેડનું ભાવપત્રક અંદાજિત કિંમત કરતાં 12 ટકા ઓછું હોવાથી તેને લઘુત્તમ જાહેર કરવામાં આવ્યું છે. હાલના સિવિલ સ્ટ્રક્ચરમાં જરૂરી ટેકનિકલ ફેરફારો કરીને નવી લિફ્ટ ગોઠવવામાં આવશે, જેના માટે રૂ. 1.64 લાખનો વધારાનો સિવિલ ખર્ચ થશે. એન્યુઅલ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ સહિત કુલ રૂ. 19.10 લાખના ખર્ચની દરખાસ્તને મ્યુનિસિપલ કમિશનરની સૈદ્ધાંતિક મંજૂરી બાદ હવે સ્થાયી સમિતિની અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવી છે.

નવી લિફ્ટ કાર્યરત બન્યા બાદ કચેરીમાં રોજિંદા કામકાજ માટે આવતા હજારો અરજદારોને વધુ સુરક્ષિત અને સરળ અવરજવરનો લાભ મળશે. ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો, મહિલાઓ તેમજ વિવિધ વિભાગોમાં કામગીરી માટે આવતા મુલાકાતીઓને રાહત મળશે. પાલિકા તંત્રનું માનવું છે કે નવી લિફ્ટથી જાળવણી ખર્ચમાં પણ ઘટાડો થશે અને વારંવાર સર્જાતી ટેકનિકલ ખામીઓથી મુક્તિ મળતાં કચેરીની કામગીરી વધુ સુચારુ અને કાર્યક્ષમ બનશે.

શાળા પ્રવેશોત્સવમાં ૧૬.૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓનું નામાંકન

ગાંધીનગરઃ રાજ્યમાં યોજાયેલા ત્રણ દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ દરમિયાન ૩૭,૨૧૧ શાળાઓમાં કુલ ૧૬.૩૫ લાખથી વધુ વિદ્યાર્થીઓનું નામાંકન નોંધાયું છે. રાજ્યમાં સાક્ષરતા દર વધારવા અને ૧૦૦ ટકા નામાંકનના લક્ષ્યને સાકાર કરવા માટે આયોજિત આ અભિયાનમાં વિવિધ સ્તરે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પ્રવેશ મેળવ્યો હતો. આંકડાકીય વિગતો મુજબ, આંગણવાડી અને બાલમંદિરમાં ૧.૯૩ લાખથી વધુ બાળકો, બાલવાટિકામાં ૪.૩૪ લાખથી વધુ બાળકો, ધોરણ-૧માં ૧.૦૫ લાખથી વધુ, ધોરણ-૯માં ૫.૯૩ લાખથી વધુ અને ધોરણ-૧૧માં ૩.૦૮ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. ઉપરાંત, 'બેક ટુ સ્કૂલ સર્વે' હેઠળ ૭૧,૨૨૯ વિદ્યાર્થીઓએ ફરીથી શાળામાં પ્રવેશ મેળવી શિક્ષણ સાથે જોડાણ કર્યું છે. વિદ્યાર્થીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને રાજ્યની ૨,૭૬૬ શાળાઓમાં નવી પરિવહન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મુખ્યમંત્રીએ ગાંધીનગરથી રાજ્યવ્યાપી અભિયાનનો કરાવ્યો ડિજિટલ પ્રારંભ

રાષ્ટ્રીય ડોક્ટર દિવસ નિમિત્તે સયાજી હોસ્પિટલમાં સ્વચ્છતા અને અમૃતપાન અભિયાનનો પ્રારંભ

દર્દીઓને વધુ ગુણવત્તાયુક્ત સારવાર આપવાનો સંકલ્પ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

રાષ્ટ્રીય ડોક્ટર દિવસ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા 'સ્વચ્છતા અભિયાન' અને 'અમૃતપાન અભિયાન'નો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડિજિટલ માધ્યમ દ્વારા બંને અભિયાનોનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા ઉપસ્થિત રહ્યા હતા અને તબીબોની નિષ્ઠાપૂર્વકની સેવાને બિરદાવી હતી. રાજ્યની તમામ સરકારી હોસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને તબીબી સંસ્થાઓ આ અભિયાનમાં જોડાઈ દર્દીઓને સ્વચ્છ અને ગુણવત્તાયુક્ત

આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

રાજ્યવ્યાપી અભિયાનના ભાગરૂપે વડોદરાની સયાજી હોસ્પિટલ (SSG) ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. હોસ્પિટલના તબીબો, નર્સિંગ સ્ટાફ, વહીવટી અધિકારીઓ અને કર્મચારીઓએ હોસ્પિટલ પરિસરમાં સ્વચ્છતા જાળવવા તેમજ દર્દીઓને વધુ સારી અને સમર્પિત આરોગ્ય સેવા આપવા માટે શપથ લીધા હતા. કાર્યક્રમમાં વડોદરાના મેયર ગીતાબેન મકવાણા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને હોસ્પિટલ સ્ટાફની કામગીરીને બિરદાવી હતી.

સયાજી હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે સ્વચ્છતા એ જ સાચા આરોગ્યનો આધાર છે. અભિયાન અંતર્ગત હોસ્પિટલના તમામ વોર્ડ, ઓપીડી અને જાહેર વિસ્તારોમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરાશે.

ક્યુપિડે FY૨૭ માટે ગ્રોથ ગાઈડન્સ વધાર્યું, ૧૫૦ કરોડથી વધુ આવકની આશા

વડોદરા : કન્ઝ્યુમર વેલનેસ અને પર્સનલ કેર ક્ષેત્રે કાર્યરત ક્યુપિડ લિમિટેડે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ ત્રિમાસિકમાં 150 કરોડથી વધુની આવકની આશા વ્યક્ત કરી છે. કંપનીએ મજબૂત ઓર્ડર બુક અને વૈશ્વિક બજારમાં વધતી માંગને ધ્યાનમાં રાખીને FY27 માટેનું આવક માર્ગદર્શન 600 કરોડથી વધારીને 660 કરોડથી વધુ કર્યું છે. કંપનીના જણાવ્યા મુજબ આંતરરાષ્ટ્રીય B2B હેલ્થકેર બજારમાં વધતી માંગ, PFSCM સાથેનો લાંબા ગાળાનો સપ્લાય કરાર તેમજ મેલ-ફીમેલ કોન્ડોમ અને લુબ્રિકન્ટ બિઝનેસમાં વૃદ્ધિથી વિકાસને વેગ મળ્યો છે. ઉપરાંત IVD કિટ્સ અને મેન્સ્ટ્રુઅલ કપ ટેન્ડર્સમાં પણ કંપની સક્રિય છે. ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર આદિત્ય કુમાર હલવાસિયાએ જણાવ્યું કે નવી પલાવા મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી, મજબૂત ઓર્ડર બુક અને વૈશ્વિક તકોના કારણે આગામી સમયમાં આવક તથા નફાકારકતામાં વધુ વધારો થવાની અપેક્ષા છે.

એલેમ્બિક ફાઉન્ડેશનના આંખ તપાસ કેમ્પમાં ૬૫૦થી વધુએ લીધો લાભ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

પાદરા તાલુકાના કરખડી અને ચોકારી ગામમાં એલેમ્બિક ફાઉન્ડેશનના 'સ્વાસ્થ્ય સેતુ' પ્રોજેક્ટ અંતર્ગત ફિક્કી ફ્લો વડોદરા અને ખાનગી હોસ્પિટલના સહયોગથી બે દિવસીય નિઃશુલ્ક આંખ તપાસ કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં 650થી વધુ ગ્રામજનોની આંખોની તપાસ કરવામાં આવી હતી. જેમાં 325થી વધુ દર્દીઓને નિઃશુલ્ક નજીકના ચશ્મા આપવામાં આવ્યા હતા, જ્યારે 50થી વધુ દર્દીઓને વધુ નિદાન અને સર્જરી માટે રીફર કરાયા હતા. એલેમ્બિક સી.એસ.આર. ફાઉન્ડેશનના હેડ સંજય ભટ્ટાચાર્યે જણાવ્યું હતું કે આરોગ્ય સેવાઓ લોકોને ઘરઆંગણે પહોંચાડવી એ સંસ્થાની સામાજિક જવાબદારી છે.

ફિક્કી ફ્લો વડોદરાના અધ્યક્ષ સ્મિતા જાટિયાએ મહિલાઓના આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધારવા પર ભાર મૂક્યો હતો. 'સ્વાસ્થ્ય સેતુ' પ્રોજેક્ટ હેઠળ કરખડી ગામના 150થી વધુ નાગરિકોએ આયુષ્માન ભારત યોજના હેઠળ નિઃશુલ્ક સારવારનો લાભ મેળવ્યો છે. ઉપરાંત કરખડી, ચોકારી અને મજાતન ગામના 14,400થી વધુ નાગરિકોને વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓનો લાભ પણ પહોંચાડવામાં આવ્યો છે.

વડોદરા સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 1

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળે વડોદરા રેલવે સ્ટેશન ખાતે 34 વર્ષ જૂની રૂટ રિલે ઈન્ટરલોકિંગ (RRI) સિસ્ટમને બદલી અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) પ્રણાલી કાર્યરત કરી છે. યાર્ડ રિ-મોડેલિંગ અંતર્ગત ટ્રેક લેઆઉટમાં સુધારા, નવા પોઈન્ટ્સ-ક્રોસિંગ અને 1.5 કિમી નવી રેલ લાઈન બિછાવાઈ છે. આ કામગીરીથી પ્લેટફોર્મ નં. 6 અને 7 પર ટ્રેનોની ગતિ 10 કિમીથી વધારી 30 કિમી પ્રતિ કલાક કરવામાં આવી છે, જેના કારણે ટ્રેન સંચાલન વધુ ઝડપી અને સુરક્ષિત બનશે. રેલવેના જણાવ્યા મુજબ આ આધુનિકીકરણથી સ્ટેશનની કામગીરી ક્ષમતા, સમયપાલન અને સલામતીમાં નોંધપાત્ર વધારો થશે.

વાઈબ્રન્ટ ગુજરાતમાં મુખ્યમંત્રીએ Reva Wavesના કાર્યને બિરદાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન 2026 દરમિયાન Reva Waves માટે ગૌરવપૂર્ણ ક્ષણ સર્જાઈ, જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સંસ્થાના સ્ટોલની મુલાકાત લઈને તેની કાર્યપ્રણાલી વિશે વિગતવાર માહિતી મેળવી. તેમણે ખાસ કરીને મહિલાઓના સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ (SHGs) સાથે કરવામાં આવતા કાર્ય, તેમને રોજગાર, બજાર અને આત્મનિર્ભરતા સાથે જોડવાના પ્રયાસોની પ્રશંસા કરી.

Reva Wavesના સ્થાપક વેદાંત મકવાણાએ મુખ્યમંત્રીને જણાવ્યું કે સંસ્થા શહેરી અને ગ્રામ્ય વિસ્તારની મહિલાઓ સાથે મળીને પર્યાવરણમિત્ર ઉત્પાદનો તૈયાર કરે છે અને તેમને કોર્પોરેટ, સરકારી તેમજ વિવિધ બજારો સાથે જોડે છે. મુખ્યમંત્રીએ ઉત્પાદનોના

બજાર અને તેના બાયોડિગ્રેડેબલ સ્વરૂપ અંગે પણ રસપૂર્વક માહિતી મેળવી.

મહિલા સશક્તિકરણ અને પર્યાવરણ સંરક્ષણ માટેના પ્રયાસોથી પ્રભાવિત થઈ મુખ્યમંત્રીએ Reva Wavesને શુભેચ્છા પાઠવી અને ભવિષ્યમાં વધુ સારું કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યું. સંસ્થાએ તેમના પ્રોત્સાહન બદલ આભાર વ્યક્ત કરતાં વિકસિત ભારત-2047ના વિઝનને સાકાર કરવા મહિલા સશક્તિકરણ અને ટકાઉ વિકાસ માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.

પૂર્વ ન્યાયમૂર્તિ એમ. આર. શાહે વિદ્યાર્થીઓને આપ્યું માર્ગદર્શન

AI, સાયબર કાયદા અને વૈશ્વિક કાનૂની પડકારોનો સામનો કરવા સતત અભ્યાસ અને સંશોધન જરૂરી : ન્યાયમૂર્તિ

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ લો દ્વારા નવા શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવનાર બી.એ. એલએલબીના વિદ્યાર્થીઓ માટે 'વિધિ અંકુર' નામે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને કાયદા શિક્ષણ, વ્યાવસાયિક નૈતિકતા, બંધારણીય મૂલ્યો તેમજ કાનૂની ક્ષેત્રની વિવિધ તકો અને પડકારોથી પરિચિત કરવાનો હતો.

કાર્યક્રમમાં સર્વોચ્ચ અદાલતના પૂર્વ ન્યાયાધીશ ન્યાયમૂર્તિ એમ. આર. શાહ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને મહેનત, પ્રામાણિકતા, શિસ્ત અને સમાજ પ્રત્યેની

જવાબદારી સાથે કાયદાના ક્ષેત્રમાં આગળ વધવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે કાયદાનું શિક્ષણ માત્ર વ્યવસાય પૂરતું મર્યાદિત નથી, પરંતુ ન્યાય, માનવ અધિકારો અને લોકશાહીના મૂલ્યોને મજબૂત બનાવવાનું શક્તિશાળી માધ્યમ છે. સાથે જ તેમણે કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), સાયબર કાયદા અને વૈશ્વિક કાનૂની પરિવર્તનો અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું.

કુલપતિ પ્રો. ડો. ભાલચંદ્ર ભાણગેએ વિદ્યાર્થીઓને નવી તકોનો લાભ લઈ સર્વાંગી વિકાસ તરફ આગળ વધવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ, પરીક્ષા પદ્ધતિ, પુસ્તકાલય, સંશોધન પ્રવૃત્તિઓ, વિદ્યાર્થી મંચો તેમજ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ફેકલ્ટીના પ્રાધ્યાપકો, વરિષ્ઠ વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નવા પ્રવેશિત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. નવા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાનૂની શિક્ષણના નવા પ્રવાસ માટે પ્રેરણા અને માર્ગદર્શન મેળવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય જીત કુને દો ચેમ્પિયનશિપમાં વડોદરાના ખેલાડીઓએ જીત્યા ૨૬ મેડલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1

અંધેરી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી 24મી આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ જીત કુને દો ચેમ્પિયનશિપમાં વડોદરાના ગોજુ રયું કરાટે ફેડરેશનના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરી કુલ 26 મેડલ જીત્યા હતા. દેવશ્રી ફડકે, દેવાંશી પવાર અને માહી ચુનારાએ ડબલ ગોલ્ડ સહિત અનેક ખેલાડીઓએ ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા હતા. તમામ ખેલાડીઓ કોચ વિક્રમ કહારના માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહ્યા છે. આ સફળતા બદલ ખેલાડીઓ

અને કોચને વિવિધ સંસ્થાઓ તથા રમતપ્રેમીઓએ અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ સિદ્ધિથી વડોદરાનું નામ રાષ્ટ્રીય સ્તરે ગુંજી ઉઠ્યું છે.

પ્રિયલ-૧૧એ જીત્યો બ્રધર કપ-૨૦૨૬નો ખિતાબ

(પ્રતિનિધિ) વડોદરા તા.1

શ્રી ધાન્ધાર પંચાલ સમાજના યુવાઓ દ્વારા આયોજિત બ્રધર કપ-2026 ક્રિકેટ ટુર્નામેન્ટની રોમાંચક ફાઈનલમાં પ્રિયલ 11ની ટીમે શાનદાર જીત મેળવી ખિતાબ પોતાના નામે કર્યો હતો. ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓએ રમતગમતની ભાવના સાથે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. સમાપન પ્રસંગે સમાજના અગ્રણીઓ અને ક્રિકેટપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા ખેલાડીઓનું ટ્રોફી અને સ્મૃતિચિહ્ન આપી

સન્માન કરવામાં આવ્યું હતું. આયોજક યુવાઓના સફળ આયોજનને સૌએ બિરદાવ્યા હતા.

MSU કુલપતિ પ્રો. ભાલચંદ્ર ભણગે ને 'ફેસ ઓફ ઇન્ડિયા ૨૦૨૬' સન્માન

વડોદરા, : મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ભાલચંદ્ર ભણગેને ઈન્ડિયા સ્પાર્ક દ્વારા આયોજિત 'એકેડેમિક વિઝનરીઝ ઓફ ઈન્ડિયા 2026' અંતર્ગત પ્રતિષ્ઠિત 'ફેસ ઓફ ઈન્ડિયા 2026' સન્માનથી નવાજવામાં આવ્યા છે. ઉચ્ચ શિક્ષણ, સંશોધન, શૈક્ષણિક નવીનતા, ડિજિટલ પરિવર્તન અને દુરંદેશી નેતૃત્વ ક્ષેત્રે તેમના નોંધપાત્ર યોગદાનની રાષ્ટ્રીય સ્તરે કદરરૂપે આ સન્માન આપવામાં આવ્યું છે. આ સિદ્ધિથી MSU પરિવાર અને વડોદરા શહેરમાં ગૌરવની લાગણી પ્રસરી છે. તેમના નેતૃત્વ હેઠળ MSUએ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ નોંધાવી છે.

DGVCL

Dakshin Gujarat Vij Company Limited

CIN U40102GJ2003SGC042909

Bharuch City Division

B/H Jilla Panchayat, Station Road, Panchbatti, Bharuch 392 001

DGVCL Toll Free No. 19123 (OR 1800 233 3003)

Tender Notice

Tenders no. 2 to 5 (2026-27) are invited for work of maintenance & erection of overhead 11/22 KV HT line /LT line & transformer centers and UG cable work under various schemes in the jurisdiction of Bharuch Rural, Bharuch East, Bharuch West and Panchbatti sub Divisions under Bharuch City Division. Details of the tenders are available on dgvcltender.nprocure.com.

EE (O&M), Bharuch City Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

Smart City

૩૦.૦ મીટર રોડ ઉપર આવેલ સમા તળાવ (અબાકસ) જંક્શન પર નવીન ફ્લાય ઓવર બ્રીજની કામગીરી અંતર્ગત સમા અબાકસ સર્કલ ઉપર ૪૦.૦ મીટરના જંક્શન સ્પાન (ઓબ્લીગેટરી સ્પાન) ની કામગીરી અંતર્ગત ડાયવર્ઝન આપવા બાબત અંગેની જાહેર નોટીસ

બ્રીજ શાખા તરફથી ૩૦.૦ મી સમા-સાવલી રોડ સમા તળાવ જંક્શન (અબાકસ સર્કલ) નવિન ફ્લાય ઓવર બ્રીજની કામગીરી અંતર્ગત સમા અબાકસ સર્કલ ઉપર ૪૦.૦ મીટર સ્પાન (ઓબ્લીગેટરી સ્પાન) ની કામગીરી તા.૦૨-૦૭-૨૦૨૬ થી ૧૫-૧૦-૨૦૨૬ સુધી અથવા જંક્શન સ્પાનની કામગીરી પુર્ણ ન થાય ત્યા સુધી કામગીરી ચાલવાની છે. જે કામગીરી દરમ્યાન શહેરીજનોને અગવડતા ન પડે તે માટે અને ટ્રાફિક સુચારુ રીતે ચાલે તે હેતુથી સમા-હરણી લીક રોડ ગદા સર્કલથી અને સમા ગામ તરફથી આવતા ટ્રાફિક/વાહન વ્યવહાર માટે વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થા અંગેની વિગત નીચે મુજબ છે.

- **તમામ પ્રકારના ભારદારી વાહનો, એસ.ટી.બસ.શહેરી વિટકોસ બસ માટે :-**
  - (૧) હરણી રોડ, ગદા સર્કલ, હરણી જુના જકાતનાકા સર્કલ, માણેકપાર્ક સર્કલ અમિતનગર બ્રિજ, L&T સર્કલ, મંગલ પાડે બ્રીજ થઇ જે તે તરફ જઇ શકાશે.
  - (૨) સમા ગામથી મંગલ પાડે બ્રીજ L&T સર્કલ, અમિતનગર બ્રિજ, માણેકપાર્ક સર્કલ, હરણી જુના જકાતનાકા, ગદા સર્કલ, થી જે તે તરફ જઇ શકાશે.
- **તમામ પ્રકારના લાઇટ મોટર વાહનો માટે :-**
  - (૧) હરણી રોડ, ગદા સર્કલ, હરણી જુના જકાતનાકા સર્કલ, માણેકપાર્ક સર્કલ અમિતનગર બ્રિજ, L&T સર્કલ, મંગલ પાડે બ્રીજ થઇ જે તે તરફ જઇ શકાશે.
  - (૨) સમા-હરણી લીક રોડથી સમા-અબાકસ સર્કલ થી ડાબી તરફ વળી જુના હયાત ઉર્મી બ્રીજ થઇ યુ-ટર્ન લઇ સમા ફ્લાય ઓવર બ્રીજના સર્વીસ રોડનો સાવચેતી પુર્વક ઉપયોગ કરી સમા-અબાકસ સર્કલથી ડાબી બાજુ વળી સમા ગામ તરફ જઇ શકાશે.
  - (૩) સમા ગામથી મંગલ પાડે બ્રીજ થઇ L&T સર્કલ,અમિતનગર બ્રિજ, માણેકપાર્ક સર્કલ, હરણી જુના જકાતનાકા સર્કલ,ગદા સર્કલ થઇ જે તે તરફ જઇ શકાશે.
  - (૪) સમા ગામથી સમા અબાકસ સર્કલ થી ડાબી બાજુ વળી આશીર્વાદ હોસ્પિટલ પાસે થી યુ-ટર્ન લઇ સમા ફ્લાય ઓવર બ્રીજના સર્વીસ રોડનો સાવચેતી પુર્વક ઉપયોગ કરી સમા-અબાકસ સર્કલ થી સમા-હરણી લીક રોડ તરફ જઇ શકાશે.

માનનીય પોલીસ કમિશનરશ્રી (શહેર) દ્વારા જે તે સમયે ક્રમાંક : જી/સીપી/ડીસીપી-ટ્રાફિક/એબેકસ સર્કલ, નવીન ઓવર બ્રિજ/નો-એન્ટ્રી,વૈકલ્પિક-વ્યવસ્થા/જાહેરનામુ/૧૮૪૦/૨૦૨૪ તા.૨૧/૧૧/૨૦૨૪ થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ઉપરોકત જાહેર નોટીસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૨૩૯/૨૦૨૬-૨૭ બ્રીજ પ્રોજેક્ટ શાખા દ્વારા પ્રકાશીત

રિફોર્મ એઆરસી લિમિટેડ

(અગાઉ રિલાયન્સ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ તરીકે ઓળખાતી)

બીજો માળ, આઈસીસી ચેમ્બર્સ-II , સાકી વિહાર રોડ, એમટીએનએલ ઓફિસ નજીક, પવઈ, મુંબઈ, મહારાષ્ટ્ર-400072

સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટે ઈ-હરાજીની જાહેર નોટિસ

રિફોર્મ એઆરસી લિમિટેડ (અગાઉ રિલાયન્સ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ તરીકે ઓળખાતી) જે "RARC" તરીકે ઓળખાય છે, તે "RARC (IOB MSME) 095 ટ્રસ્ટ"ના ટ્રસ્ટી તરીકેની પોતાની ક્ષમતામાં કામ કરી રહી છે અને ઈન્ડિયન ઓવરસીઝ બેંક સાથે કરવામાં આવેલા તારીખ 26.12.2025ના અસાઇનમેન્ટ એગ્રીમેન્ટના આધારે નીચે દર્શાવેલા દેવાદારોની એસાઇની અને સુરક્ષિત લેણદાર છે.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે સહી કરનાર આથી સામાન્ય જનતાને નોટિસ આપે છે કે, બાકી લેણાંની વસૂલાત માટે નીચે દર્શાવેલી મિલકતનું વેચાણ "ઓનલાઈન ઈ-હરાજી" દ્વારા કરવામાં આવશે. નીચે દર્શાવેલી અન્ય શરતો ઉપરાંત, મિલકતોનું વેચાણ સખતપણે "જ્યાં છે ત્યાં", "જેમ છે જે કંઈ છે" અને "કોઈ આશરો નહીં"ના આધારે કરવામાં આવશે.

દેવાદાર/જામીનદાર/ગીરોદારનું નામ
1. શ્રી ઠક્કર વિમલઃ- સરનામુંઃ C2, પ્રાઇમ એપાર્ટમેન્ટ, જયપ્રદા સોસાયટી, વેજલપુર, અમદાવાદ-380051
તારીખ 02.06.2026ના રોજ કુલ બાકી લેણાંઃ રૂ. 1,91,93,239.05/- (રૂપિયા એક કરોડ ઓગણીસ લાખ બત્રીસ હજાર ઓગણચાળીસ અને પાંચ પૈસા માત્ર) અને તેના પર વસૂલાતની તારીખ સુધીનું ભવિષ્યનું વ્યાજ.
આ મિલકત RARCના પ્રત્યક્ષ કબજામાં છે.
સ્થાવર મિલકતોની વિગત
વડોદરાના રજીસ્ટ્રેશન અને સબ-રજીસ્ટ્રેશન જિલ્લાની હદમાં આવેલા મોજે/ગામ જેતલપુરના ટી.પી. સ્કીમ નં. 1 ના ફાઈનલ પ્લોટ નં. 405, રેવન્યુ સર્વે નં. 114, 118, 119, સિટી સર્વે નં. 1614 થી 1620, પ્લોટ નં. 5 પર આવેલી, કદમ હોસ્પિટલની પાછળ, બીપીસી રોડ સ્થિત "શ્રીજી નગર કો. ઓપ. હાઉસિંગ સોસાયટી લિમિટેડ" ના ટાવર-1 ના ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. 302, "ધરતી રિવેરા"નો ઇક્વિટેબલ મોર્ગેજ અને ત્યારબાદ રજીસ્ટર્ડ મેમોરેન્ડમ, જેનું કાર્પેટ એરિયા આશરે 1697.70 ચોરસ ફૂટ અને બિલ્ટ-અપ એરિયા આશરે 2800 ચોરસ ફૂટ છે, જે શ્રી ઠક્કર વિમલના નામે નોંધાયેલ છે : ઉત્તરઃ સેન્ડલવુડ રેસિડેન્સી, દક્ષિણઃ 9 મીટરનો આંતરિક રોડ, પૂર્વઃ ફ્લેટ નં. 301, પશ્ચિમઃ વેદાંત એમિનેન્ટ
અનામત કિંમતઃ રૂ. 1,40,00,000/- (રૂપિયા એક કરોડ ચાલીસ લાખ માત્ર) EMD રકમઃ રૂ. 14,00,000/- (રૂપિયા ચૌદ લાખ માત્ર)
બોજાની વિગતો :- 1. પ્રોપર્ટી ટેક્સ - રૂ. 17,279/- (વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જારી કરાયેલ નોટિસ તારીખ 02.12.2025 મુજબ)
હરાજીના કાર્યક્રમની વિગતોઃ મિલકતના નિરીક્ષણની તારીખઃ 10.07.2026, બપોરે 02:00 વાગ્યાથી સાંજના 04:00 વાગ્યાની વચ્ચે બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખઃ 17.07.2026 ઈ-હરાજીની તારીખઃ 20.07.2026, સવારે 11:00 વાગ્યાથી બપોરે 12:00 વાગ્યાની વચ્ચે (દરેકમાં 5 મિનિટના વધારા સાથે)

ઈ-હરાજી વેચાણની શરતો અને નિયમો

1. મિલકત અનામત કિંમતથી ઓછી કિંમતે વેચવામાં આવશે નહીં અને વેચાણ સુરક્ષિત લેણદાર તરીકે REFORM ARC LIMITED (અગાઉ રિલાયન્સ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ તરીકે ઓળખાતી) દ્વારા મંજૂરીને આધીન રહેશે. મિલકતોનું વેચાણ સખતપણે " જ્યાં છે ત્યાં", "જેમ છે જે કંઈ છે" અને "કોઈ આશરો નહીં"ના આધારે કરવામાં આવશે.
2. ઈ-હરાજી REFORM ARC LIMITED (અગાઉ રિલાયન્સ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ તરીકે ઓળખાતી)ના માન્ય સર્વિસ પ્રોવાઈડર મેસર્સ આર્કા ઈમાર્ટ પ્રાઈવેટ લિમિટેડ (M/S ARCA EMART PRIVATE LIMITED) દ્વારા વેબસાઈટઃ https://www.Auctionbazaar.com મારફતે હાથ ધરવામાં આવશે. ઈ-હરાજીની વિગતવાર શરતો અને નિયમો, બિડ ફોર્મ અને ટેન્ડર દસ્તાવેજો www.rarc.co.in અને https://www.auctionbazaar.com પર ઉપલબ્ધ છે.
3. ઈચ્છુક બિડર્સ પાસે માન્ય ઈ-મેલ આઈડી હોવું આવશ્યક છે. પાર્ટિસિપેશન આઈડી અને પાસવર્ડ ઈ-હરાજી સર્વિસ પ્રોવાઈડર દ્વારા માત્ર ઈ-મેલ દ્વારા જ મોકલવામાં આવશે.
4. રસ ધરાવતા બિડર્સે યોગ્ય રીતે ભરેલું બિડ ફોર્મ, EMD જમા કરાવ્યાના પુરાવા અને સ્વ-પ્રમાણિત KYC દસ્તાવેજો (પાન કાર્ડ, આધાર કાર્ડ વગેરે) સાથે અધિકૃત અધિકારીને આ સરનામે સબમિટ કરવાનું રહેશેઃ રિફોર્મ એઆરસી લિમિટેડ (અગાઉ રિલાયન્સ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ તરીકે ઓળખાતી), બીજો માળ, ICC ચેમ્બર્સ, સાકી વિહાર રોડ, MTNL ટેલિફોન એક્સચેન્જ નજીક, પવઈ, મુંબઈ 400072 અને ઈમેલ દ્વારા jayesh.more@rarc.co.in અને akshaay.rao@rarc.co.in પર મોકલવાનું રહેશે. બિડ ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ 17.07.2026 છે. મોડા મળેલા અથવા EMD વગરના બિડ ફોર્મ સીધા જ નકારી કાઢવામાં આવશે.
5. ઇન્ટરનેટ નેટવર્કની સમસ્યાઓ, પાવર ફેલ્યોર અથવા તકનીકી ખામીઓને કારણે બિડરના ભાગે થયેલી કોઈપણ નિષ્ફળતા માટે REFORM ARC LIMITED કે સર્વિસ પ્રોવાઈડર જવાબદાર રહેશે નહીં. બિડર્સને પૂરતી વૈકલ્પિક વ્યવસ્થા રાખવાની સલાહ આપવામાં આવે છે.
6. તમામ બિડર્સે ઇન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ, 2016 ની કલમ 29A ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
7. અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) RTGS/NEFT ફંડ ટ્રાન્સફર દ્વારા ચાલુ ખાતા નંબરઃ 040211010000004 માં જમા કરાવવાની રહેશે, બેંકનું નામઃ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, શાખાઃ મુંબઈ, લાભાર્થીનું નામઃ "RELIANCE ASSET RECONSTRUCTION COMPANY LIMITED", IFSC કોડઃ UBIN0590070. મહેરબાની કરીને નોંધો કે EMD તરીકે ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વીકારવામાં આવશે નહીં.
8. વેચાણની બાકીની રકમ ચાલુ ખાતા નંબર 024702000003532, બેંકનું નામઃ ઈન્ડિયન ઓવરસીઝ બેંક, શાખાઃ સાંતાક્રુઝ (વેસ્ટ), લાભાર્થીનું નામઃ RARC (IOB MSME) 095 TRUST, IFSC કોડઃ IOBA0000247 માં RTGS/NEFT દ્વારા જમા કરાવવાની રહેશે.
9. અનામત કિંમતથી ઓછી અને/ EMD વગરની બિડ સ્વીકારવામાં આવશે નહીં. મિલકત માટે બિડ વધારાની રકમ રૂ. 1,00,000 (રૂપિયા એક લાખ માત્ર)ના ગુણાંકમાં હોવી જોઈએ. એકમાત્ર બિડરના કિસ્સામાં, ઓછામાં ઓછી એક વધારાની બોલી લગાવવી ફરજિયાત રહેશે.
10. સફળ બિડરે સફળ બિડર જાહેર થયા પછી તરત જ વેચાણની રકમના 25% (EMD સહિત) જમા કરાવવાના રહેશે અને બાકીના 75% વેચાણની પુષ્ટિની તારીખથી 15 દિવસની અંદર જમા કરાવવાના રહેશે.
11. નિયત સમયગાળામાં ચૂકવણી ન કરવાના કિસ્સામાં, EMD સહિત અગાઉ જમા કરાયેલી રકમ કોઈ પણ આગોતરી નોટિસ વિના જપ્ત કરવામાં આવશે. જોકે, અધિકૃત અધિકારીના સંપૂર્ણ વિવેકાધિકારથી સમય મર્યાદા લંબાવી શકાય છે.
12. અસફળ બિડર્સની EMD હરાજી પ્રક્રિયા પૂર્ણ થયા પછી કોઈપણ વ્યાજ વિના પરત કરવામાં આવશે.
13. અહીં દર્શાવેલી વિગતો અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા અનુસાર જાહેર કરવામાં આવી છે, જો કે, કોઈ પણ ભૂલ, ખોટા નિવેદન અથવા ક્ષતિ માટે અધિકૃત અધિકારી જવાબદાર રહેશે નહીં.
14. નીચે સહી કરનાર અધિકૃત અધિકારી પાસે કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ બિડ સ્વીકારવા અથવા નકારવાનો અથવા હરાજી મુલતવી રાખવાનો/રદ કરવાનો સંપૂર્ણ અધિકાર અનામત છે.
15. સંભવિત બિડર્સને બિડ સબમિટ કરતા પહેલા મિલકતના બોજા, ટાઈટલ (માલિકી હક), માપણી, જવાબદારીઓ અને મિલકતની સ્થિતિ અંગે સ્વતંત્ર તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ત્યારબાદ આ અંગે કોઈ પણ દાવા ધ્યાને લેવામાં આવશે નહીં.
16. વેચાણને લગતા તમામ વૈધાનિક લેણાં, કર, ચાર્જીસ, સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ચાર્જ, ટ્રાન્સફર ચાર્જ અને અન્ય કોઈપણ આનુષંગિક ખર્ચ સંપૂર્ણપણે સફળ ખરીદદારે ભોગવવાનો રહેશે.
17. વધુ વિગતો માટે શ્રી જયેશ મોરે, AVP-રેઝોલ્યુશન, મોબાઈલ નં- 8422905545 અને શ્રી અક્ષય રાવ, સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ-લીગલ, મોબાઈલ નં. 9136763354 નો સંપર્ક કરો.
18. વેચાણ પ્રમાણપત્ર માત્ર સફળ બિડરના નામે જ જારી કરવામાં આવશે. કોઈપણ સંજોગોમાં નામ ઉમેરવા, કાઢી નાખવા, બદલવા અથવા ફેરફાર કરવાની કોઈ વિનંતી ધ્યાનમાં લેવામાં આવશે નહીં. વેચાણ પ્રમાણપત્ર સંપૂર્ણ વેચાણ રકમ પ્રાપ્ત થયા પછી અને સુરક્ષિત લેણદાર દ્વારા વેચાણની પુષ્ટિ થયા પછી જ જારી કરવામાં આવશે.

આ નોટિસ સરફેસી એક્ટ અને તે હેઠળ બનાવેલા નિયમો અનુસાર દેવાદાર/જામીનદારો/ગીરોદારો માટે વૈધાનિક 15 દિવસની નોટિસ તરીકે પણ ગણાશે.

અધિકૃત અધિકારી
રિફોર્મ એઆરસી લિમિટેડ

સ્થળઃ વડોદરા
તારીખઃ 02.07.2026 (અગાઉ રિલાયન્સ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ તરીકે ઓળખાતી)

[પરિશિષ્ટ IV-A] [જુઓ પ્રોવિસો નિયમ 8 (6) ના r/w 9(1)]

સ્થાવર મિલકતની ઈ-હરાજી વેચાણ માટેની જાહેર નોટિસ

એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

CIN: U67100MH2007PLC174759

રજિસ્ટર્ડ ઓફિસઃ એડલવાઈસ હાઉસ, પહેલો માળ, સીએસટી રોડ પાસે, કલિના, મુંબઈ 400098.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ("નિયમો") ના નિયમ 8 (6) અને 9(1)ના પ્રોવિસો સાથે વંચાતા, તે અંતર્ગત સ્થાવર સુરક્ષિત મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી વેચાણ નોટિસ.

નીચે દર્શાવેલી વિવિધ વેચાણકર્તા સંસ્થાઓ (જેમને આથી આગળ "અસાઈનર" તરીકે ઓળખવામાં આવશે) ની નાણાકીય સુવિધાઓ, આપેલા કોલમમાં સ્પષ્ટપણે દર્શાવેલા વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્યરત 'એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ'ને સોંપવામાં આવી છે. સદરહુ સોંપણીને અનુસરીને, EARCએ અસાઈનરનું સ્થાન લીધું છે અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કરે છે. EARCએ, સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, સરફેસી એક્ટની કલમ 13(4) અને તે હેઠળના નિયમો અનુસાર નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોનો કબજો લીધો છે.

આથી સામાન્ય જનતાને અને વિશેષ કરીને લોન લેનાર (દેવાદાર/ઓ) અને જામીનદાર (ઓ)ને 15/30 દિવસની નોટિસ આપવામાં આવે છે કે સુરક્ષિત લેણદારની તરફેણમાં ગીરો મુકેલી નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો, જેનો પ્રત્યક્ષ કબજો અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તેનું વેચાણ "જ્યાં છે ત્યાં, "જેમ છે જે પરિસ્થિતિમાં છે" અને "જે કંઈ પણ છે"ના આધારે કરવામાં આવશે. આ વેચાણ લોન લેનાર(ઓ) અને જામીનદાર(ઓ) પાસેથી EARCને મળેલા નાણાં બાદ કરીને, EARCને લેણી નીકળતી નીચે દર્શાવેલી રકમ તેમજ તેના પરના આગળના વ્યાજ અને અન્ય ખર્ચ/ખર્ચાઓની વસૂલાત માટે કરવામાં આવશે. મિલકત માટે અનામત કિંમત અને બાનાની રકમ - EMD નીચે મુજબ દર્શાવેલ છે.

ઈ-હરાજી માટે મુકાયેલી સુરક્ષિત મિલકતોની વિગતોઃ

લોન ખાતા નંબર / વેચાણકર્તા સંસ્થા	લોન લેનાર/સહ-લોન લેનાર/ જામીનદાર/ગીરો રાખનારનું નામ	ટ્રસ્ટનું નામ	કુલ બાકી લેણી રકમ (રૂ.)	અનામત કિંમત (રૂ.)	બાનાની રકમ (EMD) (રૂ.)	હરાજીની તારીખ અને સમય	કબજાનો પ્રકાર
620449703 / એચડીએફસી બેંક લિમિટેડ	૧. શ્રી ભટ્ટ દિપેશ વિરેન્દ્ર (લોન લેનાર) ૨. શ્રીમતી ભટ્ટ ગ્રીષ્મા દિપેશ (સહ-લોન લેનાર)	EARC Trust SC-469	રૂ. 33,0૬,૭૧૦.૬૯/- (તારીખ ૨૯.૦૬.૨૦૨૬ ના રોજ)	રૂ. ૨૯,૬૫,૦૦૦/-	રૂ. ૨,૯૬,૫૦૦/-	04-08-2026 બપોરે ૧૨:૩૦ વાગ્યે	પ્રત્યક્ષ કબજો
મિલકતનું વર્ણનઃ મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, જે જીલ્લોઃ આણંદ, સબ-ડીસ્ટ્રીક્ટઃ આણંદ, મોજે ગામઃ વી. વી. નગર, આણંદ, ડુપ્લેક્સ-એ-૧૮, આનંદ રેસીડેન્સી, સર્વે નંબર (RS2271), સૂર્યા વિલાની પાછળ, વિનુભાઈ કાકા માર્ગ, બાકરોલ રોડ, વી. વી. નગર, જીલ્લોઃ આણંદ - ૩૮૦૦૦૧ ખાતે આવેલી છે. સીમાઓ આ મુજબ છેઃ પૂર્વમાંઃ સોસાયટીનો રોડ, પશ્ચિમમાંઃ મકાન નંબર A-19, ઉત્તરમાંઃ સોસાયટીનો કોમન પ્લોટ, દક્ષિણમાંઃ મકાન નંબર B-17.							
SHLHVDDR000 1320 / ટ્રૂહોમ ફાઇનાન્સ લિમિટેડ	૧. સોલંકી અમીષા રાજેશભાઈ (લોન લેનાર) ૨. વાઘેલા દર્શન ગોપાલભાઈ (સહ-લોન લેનાર)	EARC Trust SC-473	રૂ. ૨૦,૧૨,૧૪૯.૪૯/- (તારીખ ૨૯.૦૬.૨૦૨૬ ના રોજ)	રૂ. ૧૧,૦૦,૦૦૦/-	રૂ. ૧,૧૦,૦૦૦/-	20-07-2026 સવારે ૧૧:૩૦ વાગ્યે	પ્રત્યક્ષ કબજો
મિલકતનું વર્ણનઃ શ્રી સિદ્ધેશ્વર હિલસ્ટોન, ફ્લેટ નં. ૨૦૪, ટાવર-જી, સુપર બિલ્ટ, જીલ્લો-વડોદરા. સીમાઓઃ પૂર્વમાંઃ કોમન સીડી, પેસેજ; પશ્ચિમમાંઃ ગ્રાઉન્ડ ફ્લોર પર કોમન રોડ; ઉત્તરમાંઃ બિલ્ડિંગ F નો ફ્લેટ નં. F-203; દક્ષિણમાંઃ બિલ્ડિંગ G નો ફ્લેટ નં. G-203. શહેરઃ વડોદરા, રાજ્યઃ ગુજરાત, પિનકોડઃ 390022.							
HL/0222/H/19/1 00034 / પૂનાવાલા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ	૧. રાજપૂત લલિતેન્દુ કે. (લોન લેનાર) ૨. કનૈયાલાલ જે. સિંઘ, 3. સિંઘ મધુરીબેન અને ૪. સિંઘ પુનેડકુમાર (સહ-લોન લેનાર)	EARC TRUST SC - 492	રૂ. ૧૮,૫૯,૩૬૪.૫૧/- (તારીખ ૨૯.૦૬.૨૦૨૬ ના રોજ)	રૂ. ૧૩,૩૦,૦૦૦/-	રૂ. ૧,૩૩,૦૦૦/-	20-07-2026 બપોરે ૦૩:૩૦ વાગ્યે	પ્રત્યક્ષ કબજો
મિલકતનું વર્ણનઃ સ્થાવર મિલકતનો તમામ ટુકડો અને પાર્સલ જે પ્લોટ નં. ૨૯-૩૦, યોગી નગર, ગોધરા હાલોલ રોડ, વિઠ્ઠલપુરા, તાલુકોઃ ગોધરા, પંચમહાલ, વડોદરા ૩૮૯૩૫૦ છે. અને સદરહુ મિલકત મોજે વિઠ્ઠલપુરા, હાલોલ ખાતે બિન-ખેતીલાયક પ્લોટની જમીન પર આવેલી છે, જે રેવન્યુ સર્વે નં. ૧ પૈકી કુલ ક્ષેત્રફળ ૩૭૦૯.૩૩ ચો.મીટર પૈકી "યોગી નગર" તરીકે ઓળખાતા પ્લોટ નં. ૨૯-૩૦, ક્ષેત્રફળ ૫૮.૧૫ ચો.મીટર, રજીસ્ટ્રેશન અને સબ-ડીસ્ટ્રીક્ટઃ હાલોલ, જીલ્લોઃ પંચમહાલ ખાતે આવેલી છે. જેની સીમાઓ આ મુજબ છેઃ પૂર્વમાંઃ ૧૮ ફૂટનો આંતરિક રોડ, પશ્ચિમમાંઃ રાવજીભાઈ ફુલાભાઈ પટેલની જમીન, ઉત્તરમાંઃ પ્લોટ નંબર ૩૧, દક્ષિણમાંઃ ખુલ્લો પેસેજ.							
0001011000009 169207, 629387372 / એચડીએફસી બેંક લિમિટેડ	શ્રી દવે જીજ્ઞેશ (લોન લેનાર)	EARC TRUST-SC-469	LAN-629387372 માટે રૂ. ૧૬,૩૦,૫૦૭.૯૭/- અને LAN-0001011000009169207 માટે રૂ. ૨૬,૨૭૭.૬૧/- (તારીખ ૨૯.૦૬.૨૦૨૬ ના રોજ)	રૂ. ૧૪,૫૦,૦૦૦/-	રૂ. ૧,૪૫,૦૦૦/-	20-07-2026 સાંજે ૦૪:૦૦ વાગ્યે	પ્રત્યક્ષ કબજો
મિલકતનું વર્ણનઃ ફ્લેટ ૫૦૨, પાંચમો માળ, વ્રજ વિહાર ટાવર C, સર્વે નંબર ૪૦૬, બ્લોક ૨૯૯, એફપી ૪૬, બેન્કો કંપનીની પાછળ, બિલ રોડ, વડોદરાઃ ૩૯૦૦૧૨.							
615045576, 637190948, 638138921, 638153810 / એચડીએફસી બેંક લિમિટેડ	ગુપ્તા મનોજકુમાર આર. (લોન લેનાર) અને ગુપ્તા લક્ષ્મી મનોજભાઈ (સહ-લોન લેનાર)	EARC TRUST-SC 469	LAN-615045576 માટે રૂ. ૨૪,૬૩,૫૬૫.૧૫/- અને LAN-637190948 માટે રૂ. ૬,૬૯,૧૩૭.૪૬/- LAN-638138921 માટે રૂ. ૨૯,૮૪૪.૦૬/- અને LAN-638153810 માટે રૂ. ૧,૩૦,૭૭૪.૦૧/- (તારીખ ૨૯.૦૬.૨૦૨૬ ના રોજ)	રૂ. ૧૩,૫૦,૦૦૦/-	રૂ. ૧,૩૫,૦૦૦/-	20-07-2026 સાંજે ૦૪:૩૦ વાગ્યે	પ્રત્યક્ષ કબજો
મિલકતનું વર્ણનઃ પ્લોટ નં. B/૫, શિવ શક્તિ પાર્ક, કૃષ્ણા કૃપા સોસાયટી પાસે, સર્વે નં. RS. (172+173/1+2+3+4), ગુરુકૃપા સોસાયટી પાસે, ખોડિયાર મંદિર રોડ, ૧૦૦ ફીટ રોડ, આણંદ, પિનકોડ-૩૮૮૦૦૧.							

હરાજી પ્રક્રિયા અંગેની મહત્વપૂર્ણ માહિતી

1.	બાનાની રકમ (EMD) ના ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) "EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED-EMD ACCOUNT" ની તરફેણમાં, મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર હોય તે રીતે બનાવવાના રહેશે.	
2.	RTGS દ્વારા કરવામાં આવતી EMD ચૂકવણી ખાતાનું નામઃ EDELWEISS ASSET RECONSTRUCTION COMPANY LIMITED-EMD ACCOUNT, ખાતા નંબરઃ 000405158602; બેંકનું નામ- ICICI BANK; IFSC કોડઃ ICIC0000004 પર કરવાની રહેશે.	
3.	EMD સબમિટ કરવાની છેલ્લી તારીખઃ	હરાજીની તારીખના ૧ દિવસ પહેલાં સુધીમાં મળવી જોઈએ.
4.	બિડ સબમિટ કરવાનું સ્થળઃ	૧લો માળ, એડલવાઈસ હાઉસ, સીએસટી રોડ પાસે, કલિના, મુંબઈ-૪૦૦૦૯૮.
5.	હરાજીનું સ્થળ (હરાજી માટેની વેબસાઇટ):	ઈ-હરાજી (https://auction.edelweissarc.in)
6.	સંપર્ક વ્યક્તિ અને ફોન નંબરઃ	કસ્ટમર કેરઃ 1800 266 6540
7.	મિલકત નિરીક્ષણ તારીખ અને સમયઃ	અગાઉથી એપોઈન્ટમેન્ટ લીધા મુજબ.

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને EARC ની વેબસાઇટ એટલે કે https://auction.edelweissarc.in પર આપેલી લિંકનો સંદર્ભ લો.

તારીખઃ 02.07.2026
સ્થળઃ મુંબઈ

અધિકૃત અધિકારી
એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ વતી

Edelweiss Asset Reconstruction